તા.૩૧/૧૨/૨૦૧૬

# ચાવી બનાવવા આવી તિજોરી સાફ કરી જતો ચીકલીગર ઝડપાયો

## વેસુમાંથી ૧૧.૭ તોલા સોનાના દાગીના ચોર્યા હતાં

સુરત, તા. ૩૦

વેસુમાં દરવાજાના લોકની ચાવી બનાવવા દરમિયાન વેસુની પરિણીતાને ભોળવી ૧૧.૭ તોલા વજનના સોનાના દાગીના ચોરી જનાર ચીકલીગરને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર વેસુ ગામના જલારામ મંદિર મહોલ્લામાં હરેન્દ્રભાઈ ચૌહાણના પત્ની નિરૂબહેને ગત ૧૭મી તારીખે ઘરના દરવાજાનું લોક રિપેર કરવા બોલાવ્યો હતો. સરદારજીએ આ લોક રિપેર કરવાનો ડોળ કરી તેણીને કહ્યું હતું કે ચાવી ફસાઈ ગઈ છે. તમારા ઘરમાં કોઈ ગોળ ચાવી હોય એ લઈ આવો. નિરૂબહેને ભોળા ભાવે તિજોરીની ચાવી સરદારજીને આપી હતી. સરદારજીએ એ ચાવી લોકમાં નાંખી થોડી મથામણ કરી હતી, ત્યારબાદ ચાવી પરત કરી નિરૂબહેનને તેનાથી કબાટનું લોક ખોલી જોવા કહ્યું હતું. આ ચાવીથી લોક નહીં ખૂલતાં તેણીએ સરદારને ઘરમાં બોલાવ્યો હતો. કબાટનું લોક ચેક કરી તેણે કહ્યું કે જામ થઈ ગયું છે, કોપરેલ લઈ આવો. નિરૂબહેન કોપરેલ લેવા ગયા અને બીજી તરફ સરદારજીએ કબાટ ખોલી તેમાંથી ૧૧.૭ તોલા સોનાના દાગીના ચોરી લીધા હતા.

ચોરીના આ કેસમાં ઉમરા પોલીસની સાથે ક્રાઈમ બ્રાન્ચની ટીમ પણ તપાસમાં જોડાઈ હતી. આ દરમિયાન મળેલી બાતમીના આધારે પરબતસિંગ દિલીપસિંગ ડાંગી (ચીકલીગર)ને ઝડપી લેવાયો હતો. મહારાષ્ટ્રના નંદુરબારના વતની પરબતસિંગ પાસેથી પોલીસે ૨,૫૬,૨૯૩ કિંમતના ઘરેણાં પણ કબજે લીધા હતાં. આ ઘરેણાં તેણે વેસુમાંથી ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી.

### પૂણામાંથી ૧૫ તોલા દાગીના ચોરીનો ભેદ ઉકેલાયો નથી

ક્રાઈમ બ્રાન્ચના જણાવ્યા અનુસાર પરબતસિંગ અને તેનો સાથીદાર પ્રધાનસિંગ ઉર્ફે પઠાણસિંગ વર્ષ ૨૦૧૪માં પણ પોલીસના હાથે ઝડપાયા હતાં. એ સમયે વરાછા, ખટોદરા અને પૂણા પોલીસ મથકમાં નોંધાયેલા ચોરીના ભેદ ઉકેલાયા હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે પૂણામાં સીતાનગર ચોકડી પાસે આવેલા વિક્રમનગર વિભાગ-૩માં વિપુલભાઈ નાગજીભાઈ માંગરોળિયાના ઘરે પણ આ રીતે જ ચોરીની ઘટના બની હતી. ચાવી બનાવવા આવેલા સરદારજી પંદર તોલા જેટલા વજનના દાગીના ચોરી ગયા હતાં. આ બનાવનો ભેદ હજુ ઉકેલાયો નથી.